| GJSK060020992023 | દાખલ તારીખ | :– | ૧૩/૧૨/૨૦૨૩ | | |
|---|---|---|---|---|---|
| | રજીસ્ટર થયા તારીખ | :– | ૧૩/૧૨/૨૦૨૩ | | |
| | ફેસલ તારીખ | :– | ૧૨/૦૬/૨૦૨૬ | | |
| | સમયગાળો | :– | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૨ | ૦૫ | ૩૦ |

**–:: નમૂનો–અ ::–**

सत्यमेव जयते

**મે.વિજયનગરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, જિ.સાબરકાંઠા**

**ચુકાદાની તા.૧૨/૦૬/૨૦૨૬**

**ફોજદારી કેસ નં.૧૮૪૧/૨૦૨૩**

**આંક:–**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩, ૩૦૪ (અ) તથા એમ. વી. એકટ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબ... |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૧૧૨૦૯૦૫૫૨૩૦૪૮૭/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | વિજયનગર પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર<br>**મૂળ ફરીયાદી: ભરતકુમાર નાથુલાલ લબાના**<br>ઉ.વ.આ.૪૫, ધંધો–ખેતીકામ,<br>રહે–આડીવલ્લી, તા.નયાગાવ,<br>જિ. ઉદેપુર (રાજસ્થાન) |
| રજુઆત | વિ. એ. પી. પી. શ્રી એન. કે. ગઢવી |

| | |
|---|---|
| આરોપીપક્ષ | **કૃષ્ણકાંત દેવીલાલ પટેલ**<br>ઉ.વ.આ.૨૪, ધંધો–વેપાર/ડ્રાઈવીંગ,<br>રહે–પાલ, તા.વિજયનગર,<br>જિ.સાબરકાંઠા |
| રજુઆત | વિ. વ. શ્રી એમ. એસ. ભગોરા |

## –:: નમૂનો–બ ::–

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૫/૧૦/૨૦૨૩ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૬/૧૦/૨૦૨૩ |
| ચાર્ઝશીટની તારીખ | ૧૩/૧૨/૨૦૨૩ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યા તારીખ | ૧૩/૧૨/૨૦૨૩ |
| પુરાવો શરૂ થયા તારીખ | ૨૯/૦૧/૨૦૨૪ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૧૨/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૨/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | –– |

## –:: આરોપીની વિગત ::–

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે. | શું દોષી/ નિર્દોષ | સજા ની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમય ગાળો સી. આર. પી.સી. ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કૃષ્ણકાંત દેવીલાલ પટેલ | ૧૮/ ૧૦/ ૨૩ | ૧૮/ ૧૦/ ૨૩ | ઇ.પી.કો. કલમ–૨૮૩, ૩૦૪ (અ) તથા એમ.વી. એકટ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબ | **નિર્દોષ** | –– | –– |

## –:: નમૂનો–ક ::–

## એ. ફરીયાદપક્ષ તરફે સાહેદો:–

| ક્રમ | આંક | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૦ | ભરતકુમાર નાથુલાલ લબાનાની જુબાની | ફરીયાદી |
| ૨ | ૧૩ | સત્યનારાયણ ભાણચંદ લબાનાની જુબાની | સાહેદ |
| ૩ | ૧૫ | શૈલેષકુમાર ગૌતમભાઇ પટેલની જુબાની | પંચ સાહેદ |
| ૪ | ૧૭ | સળુજી ભીમાજી ડામોરની જુબાની | પંચ સાહેદ |
| ૫ | ૨૧ | રાજુ તેજપાલ લબાનાની જુબાની | સાહેદ |
| ૬ | ૨૪ | ફતેલાલ હિરાલાલજી લબાનાની જુબાની | પંચ સાહેદ |
| ૭ | ૨૬ | નથુલાલજી મલીયાજી લબાનાની જુબાની | પંચ સાહેદ |
| ૮ | ૨૭ | નંદલાલ ભાણચંદજી લબાનાની જુબાની | સાહેદ |
| ૯ | ૨૮ | જયકિષ્ણા ચંપાલાલજી લબાનાની જુબાની | સાહેદ |
| ૧૦ | ૨૯ | વિશાલ બાબુલાલજી લબાનાની જુબાની | સાહેદ |
| ૧૧ | ૩૦ | દિનેશકુમાર દાડમચંદજી લબાનાની જુબાની | સાહેદ |
| ૧૨ | ૩૧ | રમણલાલજી કાલુરામજી લબાનાની જુબાની | સાહેદ |
| ૧૩ | ૩૨ | જિતેન્દ્રકુમાર સળુજી ડામોરની જુબાની | સાહેદ |
| ૧૪ | ૩૯ | ભરતસિંહ દરજણસિંહ રાઠોડની જુબાની | ત.ક.અ. |
| ૧૫ | ૪૭ | યોગેશકુમાર નાગજીભાઇ પટેલની જુબાની | ત.ક.અ. |

## બી. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :–

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૧ | અસલ ફરીયાદ |

| | | |
|---|---|---|
| ૨ | ૧૬ | મુદ્દામાલ રીકવરીનું અસલ પંચનામુ |
| ૩ | ૨૫ | અસલ ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૪ | ૩૪ | ગુન્હાવાળી જગ્યાનું અસલ પંચનામુ |
| ૫ | ૩૫ | એફ.એસ.એલ.નો અસલ સ્થળ પરીક્ષણ રીપોર્ટ |
| ૬ | ૩૬ | પી. એમ. નોટ અસલ |

**<u>સી. આરોપીપક્ષ તરફે સાહેદો :–</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| –– | ––નીલ–– | ––નીલ–– |

**<u>ડી. આરોપીપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો:–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| –– | ––નીલ–– | ––નીલ–– |

**<u>ઈ. કોર્ટ પક્ષ તરફે સાહેદો :–</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| –– | ––નીલ–– | ––નીલ–– |

**<u>એફ. કોર્ટ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો:–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| –– | ––નીલ–– | ––નીલ–– |

**<u>–: ઠરાવ :–</u>**

**<u>ફરીયાદપક્ષની ટુંકી વિગત :–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૫/૧૦/૨૦૨૩ના કલાક ૧૯/૦૦ વાગ્યા દરમ્યાન મોજે વણજ ડેમ નજીક રોડ ઉપર આ કામના મરણ જનાર ચંપાલાલ ભાણચંદજી લબાના ઉ.વ.૫૦ નાઓ પોતાના કબ્જાનું પેશન પ્રો મોટર સાયકલ રજી. નં.

આરજે.૨૭.બીડી.૪૭૬૪ નું લઈને આવતા હોય, દરમ્યાન ટ્રક ડમ્પર રજી. નં.જીજે.૦૯.એયુ.૪૧૮૨ ના ચાલકે પોતાના કબજાનો ટ્રક રોડ ઉપર સાઈડ લાઈટ સિગ્નલ ચાલુ રાખ્યા વગર અને અંધારામાં રિફલેકટર લગાવ્યા વગર ટ્રક ઉભો રાખી બેદરકારીથી પાર્ક કરેલ હોય જેથી મો.સા. ચાલક ટ્રકની પાછળ અથડાતા શરીરે વત્તા ઓછી તેમજ ગંભીર ઈજાઓ થતાં મરણ ગયા હોય આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૮૩, ૩૦૪ (અ) તથા એમ. વી. એકટ-૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો નોંધાતા તપાસ કરનાર અધિકારી દવારા આરોપી વિરૂધ્ધ પુરાવા હોય ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ ચાર્જશીટ નામદાર અદાલતમાં રજુ કરવામાં આવેલ.

**<u>ન્યાયિક કાર્યવાહી :-</u>**

(૨) ઉપરોકત ગુનાની ફરીયાદ સંદર્ભે હાલના કામનુ ચાર્જશીટ રજુ થતા ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૨૦૪ અન્વયે આરોપી સામે સમન્સ ઈશ્યુ કરવામાં આવેલ જેની ધોરણસર બજવણી થતાં આરોપી તેમનાં વિ.વ.શ્રી મારફતે અદાલતમા હાજર થયા ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૨૦૭ અન્વયે આરોપીને વિનામૂલ્યે પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ આંક-૦૪ થી આરોપીનુ નિવેદન નોંધવામાં આવેલ. જેમા આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ તેઓ કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ. જેથી હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) હાલના કેસમાં ફરીયાદપક્ષ તરફે તેમના કેસના સર્મથનમાં ઉપરોકત **નમૂના-ક**માં **પત્રક-એ** થી **મૌખિક પુરાવા** અને **પત્રક-બી**થી **દસ્તાવેજી પુરાવા** રજુ કરેલ છે.

(૪) આ કામે ઉપરોકત તમામ પુરાવાઓ ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે. જેમા બચાવમા બીજા કોઈ સાહેદો

તપાસવા માંગતા ન હોવાનું અને સોંગદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનું જણાવેલ.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એન. કે. ગઢવીની દલીલ માનપુર્વક સાંભળી તથા આરોપી તરફે વિ.વ.શ્રી એ.એમ.ભગોરાની દલીલ માનપુર્વક સાંભળવામાં આવેલ છે.

(૬) હાલના કેસમા ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિ, હકિકતો તથા બંને પક્ષકારો તરફથી રજુ કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં કેસનો ન્યાયિક નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–::મુદા::–</u>**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એવુ સાબિત કરે છે કે, તા.૧૫/૧૦/૨૦૨૩ના કલાક ૧૯/૦૦ વાગ્યા દરમ્યાન મોજે વણજ ડેમ નજીક રોડ ઉપર આ કામના મરણ જનાર ચંપાલાલ ભાણચંદજી લબાના ઉ.વ.૫૦ નાઓ પોતાના કબ્જાનું પેશન પ્રો મોટર સાયકલ રજી. નં. આરજે.૨૭.બીડી. ૪૭૬૪ નું લઈને આવતા હોય, દરમ્યાન ટ્રક ડમ્પર રજી. નં. જીજે.૦૯.એયુ.૪૧૮૨ ના ચાલકે પોતાના કબજાનો ટ્રક રોડ ઉપર સાઈડ લાઈટ સિગ્નલ ચાલુ રાખ્યા વગર અને અંધારામાં રિફલેકટર લગાવ્યા વગર ટ્રક ઉભો રાખી બેદરકારીથી પાર્ક કરેલ હોય જેથી મો.સા. ચાલક ટ્રકની પાછળ અથડાતા શરીરે વત્તા ઓછી તેમજ ગંભીર ઈજાઓ થતાં મરણ ગયા હોય આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩, ૩૦૪ (અ) તથા એમ.વી. એકટ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબ નો ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે ન્યાયિક નિર્ણયો નિચે મુજબ છે.

**<u>–::નિર્ણયો::–</u>**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

## **-::નિર્ણયના કારણો::-**

**મુદા નંબર: ૦૧ :-**

(૮) ઉપરોકત મુદાઓની સાબિતી માટે ફરીયાદપક્ષે રજુ પુરાવાની ચર્ચા અને મુલ્યાંકન નીચે મુજબ છે. આ કામના આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે. આમ, આ કામે આરોપી સામે જયારે ભારતીય દંડ સંહિતાની કલમ-૨૮૩, ૩૦૪(અ) તથા એમ. વી. એકટ-૧૭૭, ૧૮૪, ૧૩૪ (બી) મુજબના ગુન્હાનો આક્ષેપ છે, ત્યારે ફરીયાદપક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો રેકર્ડ પર શંકાથી પર સાબિત કરવાના રહે છે.

(૮.૧) **ભારતીય દંડ સંહિતાની કલમ-૨૮૩**

**જાહેર માર્ગ અથવા વહાણવટાના માર્ગમાં અંતરાય અથવા ભય :-**

કોઈ પણ વ્યકિત, કોઈ કૃત્ય કરીને અથવા પોતાના કબજા માહેંની અથવા હવાલાની કોઈ મિલકતની વ્યવસ્થા નહિ કરીને કોઈ જાહેર માર્ગ કે વહાણવટાના માર્ગમાં કોઈ વ્યકિત માટે ભય ઊભો કરે અથવા તેને અંતરાય કરે કે હાનિ પહોંચાડે તેને બસો રૂપિયા સુધીના દંડની સજા કરવામાં આવશે.

**આ કલમનાં તત્ત્વો નીચે મુજબ છે,**

૧. આરોપીએ કોઈ કૃત્ય કર્યું અથવા પોતાના કબજા માહેંની અથવા હવાલાની મિલકતની વ્યવસ્થા ન કરી,

૨. તે કારણે આરોપીએ જાહેર માર્ગ અથવા વહાણવટાના માર્ગમાં કોઈ વ્યકિત માટે ભય ઊભો કર્યો અથવા અંતરાય ઊભો કર્યો અથવા હાનિ પહોંચાડી.

(૮.૨) **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૪(અ)**

**૩૦૪–ક. બેદરકારીથી મૃત્યુ નિપજાવવું.:–**

કોઈ પણ (વ્યક્તિ) સાપરાધ મનુષ્યવધ ન ગણાય તેવું બેફામપણે કરેલું અથવા બેદરકારીભર્યું કોઈ કૃત્ય કરીને કોઈ વ્યક્તિનું મૃત્યુ નિપજાવે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**આ કલમના તત્વો નીચે મુજબ છે,**

૧. કોઇ વ્યકિતનું મૃત્યુ નિપજયું,

૨. આ મૃત્યુ આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આચરેલ કૃત્યના કારણે નિપજયું,

૩. આ મૃત્યુ સાપરાધ મનુષ્યવધ ન હતો.

(૮.૩) **મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭**

General provision for punishment of offences.

Whoever contravenes any provision of this Act or of any rule, regulation or notification made thereunder shall, if no penalty is provided for the offence be punishable for the first offence with fine which may extend to "five hundred rupees/", and for any second or subsequent offence with fine which may extend to 2"one thousand and five hundred rupees"..

(૮.૪) **મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૪**

**Driving dangerously.**

Whoever Whoever, drives a motor vehicle at a speed or in a manner which is dangerous to the public [or which causes a sense of alarm or distress to the occupants of the vehicle,other road users, and persons near roads,] having regard to all the circumstances of case including the nature, condition and use of the place where the vehicle is driven and the amount of traffic which actually is at the time or which might reasonably be expected to be in the place, shall be punishable for the first offence with imprisonment for a term [which may extend to

one year but shall not be less than six months or with fine which shall not be less than one thousand rupees but may extend to five thousand rupees, or with both], and for any second or subsequent offence if committed within three years of the commission of a previous similar offence with imprisonment for a term which may extend to two years, or with fine [of ten thousand rupees], or with both.

[Explanation.-- For the purpose of this section,--

(a) jumping a red light;

(b) violating a stop sign;

(c) use of handheld communications devices while driving;

(d) passing or overtaking other vehicles in a manner contrary to law;

(e) driving against the authorised flow of traffic; or

(f) driving in any manner that falls far below what would be expected of a competent and careful driver and where it would be obvious to a competent and careful driver that driving in that manner would be dangerous, shall amount to driving in such manner which is dangerous to the public.]

(૮.૫) <u>મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૩૪(બી)</u>

**Duty of driver in case of accident and injury to a person.**

When any person is injured or any property of a third party is damaged, as a result of an accident in which a motor vehicle is involved, the driver of the vehicle or other person in charge of the vehicle shall-

(b) give on demand by a police officer any information required by him, or, if no police officer is present, report the circumstances of the occurrence, including the circumstances, if any, for not taking reasonable steps to

secure medical attention as required under clause (a), at the nearest police station as soon as possible, and in any case within twenty-four hours of the occurrence.

(૮) આ કામે સૌ પ્રથમ કેસનો નિર્ણય કરતા પહેલા ફરિયાદ પક્ષે પોતાના કેસનાં સમર્થનમાં તપાસેલ સાહેદોની જુબાની જોવી આવશ્યક જણાતી હોય, જેની ચર્ચા નીચે મુજબ કરેલ છે:

**<u>ફરીયાદીની જુબાની :–</u>**

(૮.૧) ફરીયાદપક્ષે ફરીયાદી ભરતકુમાર નાથુલાલ લબાનાને આંક–૧૦ થી તપાસવામાં આવેલ છે.તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, બનાવ ગઈ તારીખ:૧૫/૧૦/૨૦૨૩ના રોજ સાંજના આશરે છ–સાત વાગ્યાના અરસામાં બનેલો, બનાવમાં તેઓ અને તેમના મામા : ચંપાલાલ તથા સત્યનારાયણ ત્રણેયજણા ભેંસો ખરીદ કરવા માટે : અસાઈ વાસણા, તા.વડાલી જવા માટે નીકળેલા. તેઓ બાઈક લઈને નીકળેલા અને તેઓએ ત્યાથી ભેંસો ખરીદેલી અને ભેંસો ભરવા માટે ટેમ્પો કરેલો અને આ ટેમ્પામાં તેઓ તથા સત્યનારાયણ ભેંસો સાથે ટેમ્પામાં બેઠેલા અને તેઓના મામા ચંપાલાલ પોતાનું મોટરસાયકલ લઈને તેઓની આગળ નીકળેલા, આશરે છ–સાત વાગ્યાની આસ–પાસ વણજ ડેમ પાસે આવતાં ત્યા એક રેતીનું ડમ્પર (ટ્રક) ઉભેલી હતી, જેનો નંબર હાલ તેઓને યાદ નથી જે તે વખતે તેઓએ ફરીયાદમાં લખાવેલો. આ ડમ્પરની નીચે તેઓના મામા પડેલા હતા, જેથી તેઓએ તેમનો ટેમ્પો ઉભો રખાવેલો અને તેઓ નીચે ઉતરેલો અને જઈને જોયેલ તો તેઓના મામા ચંપાલલા કાંઈ બોલતા ન હતા અને તેઓને શરીરે લોહી નીકળતુ હતુ, પબ્લીકના માણસોએ ૧૦૮ બોલાવેલી અને તેઓને દવખાને લઈ ગયેલા, ત્યા તેઓના મામાને મરણ ગયેલા ડોકટરે જાહેર કરેલ. તેમણે તેમના સગા વ્હાલાઓને ફોનથી જાણ કરેલી. આ અંગેની પોલીસ ફરીયાદ તેઓએ આપેલી. અસલ ફરીયાદ તેઓએ પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે ફરીયાદ આ કામે આંક–૧૧ થી રજુ છે.

સદરહુ ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન કરતાં ન હોઈ, વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે. ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય, વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સાહેદને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવતા, ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમની પોલીસ ફરીયાદમાં એવી હકીકત લખાવેલ છે કે, આ ડમ્પર કોઈપણ પ્રકારની પાર્કીંગ સિગ્નલની લાઈટો ચાલુ કર્યા વગર, બેદરકારીપૂર્વક ઉભી રહેલ હોય, જેની બેદરકારીને કારણે તેઓના મામાનો અકસ્માત થયેલો અને આ ડમ્પર નંબર: જીજે.૦૯.એયુ.૪૧૮૨ હતો.

બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ બનાવવાળા સ્થળે પહોંચેલા તે વખતે ત્યા લોકોનું ટોળુ ભેગુ થઈ ગયેલ હતુ અને તેઓ ત્યા જોવા ગયેલ ત્યારે તેઓને ખબર પડેલ કે, તેઓના મામાનો અકસ્માત થયેલ છે. બનાવ સમયે તેઓ બનાવવાળી જગ્યાએ હાજર ન હતા. ડમ્પરનો ડ્રાઈવર કોણ હતો અને કોની ભુલ હતી તે તેઓ કહી શકે નહીં.

**સાહેદોની જુબાની :–**

(૮.૨) ફરીયાદપક્ષે સાહેદ સત્યનારાયણ ભાણચંદ લબાનાને આંક–૧૩ થી તપાસવામા આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, ગઈ નવરાત્રીના પહેલા દિવસે ૧૫–૧૬ જેવી તારીખના દિવસે આ બનાવ બનેલો. તેઓ પોતાના વતન આડીવલ્લી (રાજસ્થાન)થી તેઓ, ભરતભાઈ તથા ચંપાલાલનાઓ એક મોટરસાયકલ ઉપર ઈડર બાજુ ભેંસો લેવા માટે નીકળેલા અને ઈડરના આજુ બાજુના ગામડેથી તેઓએ ભેંસ રાખેલી અને તે ભેંસને ટેમ્પોમાં ભરી આવવા નીકેલા અને તે ટેમ્પામાં તેઓ અને ભરતભાઈ બેઠેલા અને તેઓના ભાઈ ચંપાલાલ મોટરસાયકલ લઈને તેઓની આગળ આગળ નીકળેલા અને તેઓને વણજ પાસે આવેલ ડેમ પાસે એક ડમ્પર ઉભેલુ હતુ, તેના નીચે આ તેઓના ભાઈ ચંપાલાલ અને

મોટરસાયકલ રોડપર પડેલુ હતુ. તેઓએ ટેમ્પો લઈને પાછળ આવતા હોઈ, તેઓએ જોયેલ તો તેઓ આ તેમના ભાઈ ચંપાલાલ ને જોઈને ઓળખી ગયેલા અને તેઓનો ટમ્પો ઉભો રાખી જોયેલ તો તેઓના ભાઈ ચંપાલાલને માથામાં, ગાળામાં, પગમાં પણ ઈજાઓ થયેલી જે તેઓએ જોયેલી. પબ્લીકના માણસોએ ૧૦૮ બોલાવી તેઓને સારવાર માટે દવાખાને મોકલેલા અને ડોકટરે તેઓને ચેક કરી મરણ ગયેલાનું જાહેર કરેલ. આ ડમ્પરનો નંબર તેઓના ભાણેજે લખેલો. તેઓએ પોલીસને આ ડમ્પરનો નંબર લખાવેલો. તેઓને હાલ તે ડમ્પરનો નંબર યાદ નથી. આ બનાવની ફરીયાદ તેઓના ભાણેજે આપેલી.

બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ રોડ આવેલ છે અને ત્યાં સતત વાહનોની અવર–જવર રહે છે. તેઓ બનાવવાળા સ્થળે પહોંચેલા તે વખતે ત્યા ઘણા માણસોની ભીડ ભેગી થઇ ગયેલી હતી. તેઓએ ત્યાં જઇને જોયેલું તો, તેઓના ભાઇ પડેલા હતા. અકસ્માત કેવી રીતે બનેલ છે, તે તેઓ જણાવી શકે નહી. પોલીસને તેઓનું નિવેદન તેઓના ભત્રીજાએ લખાવેલું.

(૮.૩) ફરીયાદપક્ષે સાહેદ રાજુ તેજપાલ લબાનાને આંક–૨૧ થી તપાસવામા આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, આજથી ત્રણેક વર્ષ પહેલા આ બનાવ બનેલો. તેઓ પોતાના ઘરે હતા અને તેઓને વાતોવાતોથી એવા સમાચાર મળેલા કે ચંપાલાલ ભાણચંદજીનુ અકસ્માત થયેલ છે અને તેઓ મરણ ગયેલ છે અને તેઓની લાશ વિજયનગર હોસ્પિટલમાં છે એટલે તેઓ તેઓના કુટુંબીજનો સાથે વિજયનગર હોસ્પિટલમાં આવેલા બનાવ બાબતમાં પુછતાં એવુ જાણવા મળેલુ કે સત્યનારાયણજી તથા ભરત અને ચંપાલાલ ભેસો લેવા માટે વડાલી આસપાસથી ભેસો રાખી અને એક ટેમ્પોમાં ભેસો ભરી નીકળેલા અને આમાં સત્યનારાયણ તથા ચંપાલાલજી મોટર સાઇકલ લઇને નીકળેલા અને વણજ પાસે આવતા સાંજના સાડા છ એક વાગ્યાના સમયે એક ડમ્પરનાં નીચે

મોટર સાઇકલ સાથે ભટકાઇ જતાં અકસ્માત થયેલાનુ સાંભળેલુ. આ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલો. આ અકસ્માત એક રેતનાં ડમ્પરથી થયેલો.

બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ પોતાના ઘરે હતા. બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તે વાતની તેઓને ખબર નથી કે બનાવ કોની બેદરકારીથી બનેલો.

(૮.૪) ફરીયાદપક્ષે સાહેદ નંદલાલ ભાણચંદજી લબાનાને આંક–૨૭ થી તપાસવામા આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, આજથી બે વર્ષ પહેલા અકસ્માતવાળો બનાવ બનેલો . તેઓ પોતાના ઘરે હતા અને તેઓને વાતોવાતથી એવા સમાચાર મળેલા કે, ચંપાલાલ ભાણચંદજીનું અકસ્માત થયેલ છે અને તેઓ મરણ ગયેલ છે અને તેઓની લાશ વિજયનગર હોસ્પિટલમાં રાખેલ છે, તેવા સમાચાર તેઓને મળતાં તેઓ તેમના કુટુંબીજનો સાથે વિજયનગર હોસ્પિટલમાં આવેલા બનાવ બાબતમાં પુછતાં એવુ જાણવા મળેલુ કે, સત્યનારાયણજી તથા ભરત અને ચંપાલાલ ભેસો લેવા માટે વડાલી આસપાસથી ભેસો રાખી અને એક ટેમ્પોમાં ભેંસો ભરી નીકળેલા અને આમાં સત્યનારાયણ તથા ચંપાલાલજી મોટર સાઇકલ લઇને નીકળેલા અને વણજ પાસે આવતા સાંજના સાડા છ એક વાગ્યાના સમયે એક ડમ્પરનાં નીચે મોટર સાઇકલ સાથે ભટકાઇ જતાં અકસ્માત થયેલાનું સાંભળેલુ. આ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલો. આ અકસ્માત એક રેતનાં ડમ્પરથી થયેલો.

સદરહુ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતાં ન હોઈ, વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે. ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય, વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સાહેદને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવતા, બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ પોતાના ઘરે હતા. બનાવ તેઓએ નજરે જોયેલ

નથી. તે વાતની તેઓને ખબર નથી કે બનાવ કોની બેદરકારીથી બનેલો.

(૮.૫) ફરીયાદપક્ષે સાહેદ જયક્રિષ્ણા ચંપાલાલજી લબાનાને આંક–૨૮ થી તપાસવામા આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, આજથી બે વર્ષ પહેલા અકસ્માતવાળો બનાવ બનેલો. તેઓ પોતાના ઘરે હતા અને તેઓને વાતોવાતથી એવા સમાચાર મળેલા કે, તેઓના પિતા ચંપાલાલ ભાણચંદજીનું અકસ્માત થયેલ છે અને તેઓ મરણ ગયેલ છે અને તેઓની લાશ વિજયનગર હોસ્પિટલમાં રાખેલ છે, તેવા સમાચાર તેઓને મળ તાં તેઓ તેમના કુટુંબીજનો સાથે વિજયનગર હોસ્પિટલમાં આવેલા બનાવ બાબતમાં પુછતાં એવુ જાણવા મળેલુ કે, સત્યનારાયણજી તથા ભરત અને ચંપાલાલ ભેસો લેવા માટે વડાલી આસપાસથી ભેસો રાખી અને એક ટેમ્પોમાં ભેંસો ભરી નીકળેલા અને આમાં સત્યનારાયણ તથા તેઓના પિતા ચંપાલાલજી મોટર સાઇકલ લઇને નીકળેલા અને વણજ પાસે આવતા સાંજના સાડા છ એક વાગ્યાના સમયે એક ડમ્પરનાં નીચે મોટર સાઇકલ સાથે ભટકાઇ જતાં અકસ્માત થયેલાનું સાંભળેલુ. આ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલો. આ અકસ્માત એક રેતનાં ડમ્પરથી થયેલો.

સદરહુ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતાં ન હોઇ, વિ. એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે. ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય, વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સાહેદને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવતા, બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ પોતાના ઘરે હતા. બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તે વાતની તેઓને ખબર નથી કે બનાવ કોની બેદરકારીથી બનેલો.

(૮.૬) ફરીયાદપક્ષે સાહેદ વિશાલ બાબુલાલજી લબાનાને આંક–૨૯ થી તપાસવામા આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે,

આજથી બે વર્ષ પહેલા અકસ્માતવાળો બનાવ બનેલો. તેઓ પોતાના ઘરે હતા અને તેઓને વાતોવાતથી એવા સમાચાર મળેલા કે, તેઓના મામા ચંપાલાલ ભાણચંદજીનું અકસ્માત થયેલ છે અને તેઓ મરણ ગયેલ છે અને તેઓની લાશ વિજયનગર હોસ્પિટલમાં રાખેલ છે, તેવા સમાચાર તેઓને મળતાં તેઓ તેમના કુટુંબીજનો સાથે વિજયનગર હોસ્પિટલમાં આવેલા બનાવ બાબતમાં પુછતાં એવુ જાણવા મળેલુ કે, સત્યનારાયણજી તથા ભરત અને ચંપાલાલ ભેસો લેવા માટે વડાલી આસપાસથી ભેસો રાખી અને એક ટેમ્પોમાં ભેંસો ભરી નીકળેલા અને આમાં સત્યનારાયણ તથા તેઓના મામા ચંપાલાલજી મોટર સાઇકલ લઇને નીકળેલા અને વણજ પાસે આવતા સાંજના સાડા છ એક વાગ્યાના સમયે એક ડમ્પરનાં નીચે મોટર સાઇકલ સાથે ભટકાઈ જતાં અકસ્માત થયેલાનું સાંભળેલુ. આ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલો. આ અકસ્માત રેતનાં ડમ્પરથી થયેલો.

સદરહુ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતાં ન હોઈ, વિ. એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે. ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય, વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સાહેદને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવતા, બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ પોતાના ઘરે હતા. બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તે વાતની તેઓને ખબર નથી કે બનાવ કોની બેદરકારીથી બનેલો.

(૮.૭) ફરીયાદપક્ષે સાહેદ દિનેશકુમાર દાડમચંદજી લબાનાને આંક-૩૦ થી તપાસવામા આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, આજથી બે વર્ષ પહેલા અકસ્માતવાળો બનાવ બનેલો. તેઓ પોતાના ઘરે હતા અને તેઓને વાતોવાતથી એવા સમાચાર મળેલા કે, તેઓના ગામના ચંપાલાલ ભાણચંદજીનું અકસ્માત થયેલ છે અને તેઓ મરણ ગયેલ છે અને તેઓની લાશ વિજયનગર

હોસ્પિટલમાં રાખેલ છે, તેવા સમાચાર તેઓને મળ તાં તેઓ તેમના કુટુંબીજનો સાથે વિજયનગર હોસ્પિટલમાં આવેલા બનાવ બાબતમાં પુછતાં એવુ જાણવા મળેલુ કે, સત્યનારાયણજી તથા ભરત અને ચંપાલાલ ભેસો લેવા માટે વડાલી આસપાસથી ભેસો રાખી અને એક ટેમ્પોમાં ભેંસો ભરી નીકળેલા અને આમાં સત્યનારાયણ તથા ચંપાલાલજી મોટર સાઇકલ લઇને નીકળેલા અને વણજ પાસે આવતા સાંજના સાડા છ એક વાગ્યાના સમયે એક ડમ્પરનાં નીચે મોટર સાઇકલ સાથે ભટકાઇ જતાં અકસ્માત થયેલાનું સાંભળેલુ. આ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલો. આ અકસ્માત એક રેતનાં ડમ્પરથી થયેલો.

સદરહુ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતાં ન હોઇ, વિ. એ.પી.પી.શ્રીએ ફરી <u>ગયેલા સાહેદ તરીકે</u> જાહેર કરેલ છે. ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય, વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સાહેદને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવતા, બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, <u>બનાવ સમયે તેઓ પોતાના ઘરે હતા. બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તે વાતની તેઓને ખબર નથી કે બનાવ કોની બેદરકારીથી બનેલો.</u>

(૮.૮) ફરીયાદપક્ષે સાહેદ રમણલાલજી કાલુરામજી લબાનાને આંક −૩૧ થી તપાસવામા આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, આજથી બે વર્ષ પહેલા અકસ્માતવાળો બનાવ બનેલો. તેઓ પોતાના ઘરે હતા અને તેઓને વાતોવાતથી એવા સમાચાર મળેલા કે, તેઓના બનેવી ચંપાલાલ ભાણચંદજીનું અકસ્માત થયેલ છે અને તેઓ મરણ ગયેલ છે અને તેઓની લાશ વિજયનગર હોસ્પિટલમાં રાખેલ છે, તેવા સમાચાર તેઓને મળ તાં તેઓ તેમના કુટુંબીજનો સાથે વિજયનગર હોસ્પિટલમાં આવેલા બનાવ બાબતમાં પુછતાં એવુ જાણવા મળેલુ કે, સત્યનારાયણજી તથા ભરત અને ચંપાલાલ ભેસો લેવા માટે વડાલી આસપાસથી ભેસો રાખી અને એક

ટેમ્પોમાં ભેંસો ભરી નીકળેલા અને આમાં સત્યનારાયણ તથા ચંપાલાલજી મોટર સાઇકલ લઇને નીકળેલા અને વણજ પાસે આવતા સાંજના સાડા છ એક વાગ્યાના સમયે એક ડમ્પરનાં નીચે મોટર સાઇકલ સાથે ભટકાઇ જતાં અકસ્માત થયેલાનું સાંભળેલુ. આ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલો. આ અકસ્માત એક રેતનાં ડમ્પરથી થયેલો.

સદરહુ સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન કરતાં ન હોઇ, વિ. એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે. ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય, વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સાહેદને ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવતા, બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ પોતાના ઘરે હતા. બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તે વાતની તેઓને ખબર નથી કે બનાવ કોની બેદરકારીથી બનેલો.

(૮.૯) ફરીયાદપક્ષે સાહેદ જિતેન્દ્રકુમાર સળુજી ડામોરને આંક–૩૨ થી તપાસવામા આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, બનાવ આજ થી આશરે બે વર્ષ પહેલા બનેલો, તે વખતે તેઓ ડમ્પર નં.જી.જે.૦૯–એ.યુ.૪૧૮૨ માં કન્ડકટર તરીકે કામ કરતા હતા અને આ ડમ્પરના ડ્રાઈવર તરીકે કૃષ્ણકાંત દેવીલાલ પટેલ,રહે. પાલવાળો હતો અને ડ્રાઈવીંગ કરતો હતો. આ અકસ્માત સાંજના આશરે પાંચ–છ વાગ્યાના અરસામાં બનેલો. બનાવ સમયે તેઓ તેમનું ડમ્પર લઈને પાલ આવવા માટે નીકળેલા અને વચ્ચે ડમ્પર ખરાબ થતાં, વણજ ડેમની પાળ પાસે તેઓનું ડમ્પર રોડની સાઈડમાં ઉભુ રાખેલ હતુ. તેઓના ડમ્પરમાં રેતી ભરેલી હતી. તેઓનું ડમ્પર રોડની સાઈડમાં ઉભુ રાખી તેઓ સાઈડમાં ઉભેલા હતા અને તેઓના ડમ્પરના સાઈડ સીગ્નલ ચાલુ રાખેલ હતા અને લીલા ઝાડ ડમ્પરથી દશેક ફુટના અંતરે રાખેલ હતા. તે વખતે અચનક એક બાઈકવાળો તેઓના ડમ્પરની પાછળના ભાગે ઘુસી

ગયેલો અને તેઓને ડર લાગતા તેઓ ગભરાઈને ત્યાથી ભાગી ગયેલા. આ બાબતેપોલીસે તેઓની પુછપરછ કરી જવાબ લીધેલો.

બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ડમ્પર બગડી ગયેલ હોઈ રોડની સાઈડમાં ઉભુ રાખેલ હતુ. સદરહુ ડમ્પરની બંન્ને પાર્કીંગ લાઈટો ચાલુ રાખેલ હતી. ડમ્પરની ફરતે લીલા ઝાડ ઝાંખર ડાળીઓ રાખેલ હતા. આગળ પાછળ આશરે દશેક ફુટના અંતરે ઝાડી ઝાંખર ડાળીઓ રાખેલ હતી. તેઓ ડમ્પરના આગળના ભાગે બેઠેલ હોઈ અકસ્માત કેવી રીતે બનેલો તે તેઓ ચોકકસ જણાવી શકે નહીં.

**પંચોની જુબાની :–**

(૮.૧૦) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૧૫ થી પંચ સાહેદ શૈલેષકુમાર ગૌતમભાઇ પટેલને અને આંક–૧૭ થી પંચ સાહેદ સળુજી ભીમાજી ડામોરને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં આંક–૧૬ થી રજુ રીકવરી પંચનામામાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. તે સિવાય પંચનામાની કોઈપણ વિગત અંગે કંઈપણ હકીકત જણાવતા નથી.

સદરહુ પંચો પોતાની જુબાનીમાં સહી સિવાય પંચનામાની કે ગુનાની વિગત અંગે કંઈપણ બાબત જણાવતા નથી, તેથી આ કામે પંચો ફરી ગયેલ છે વધુમાં પંચોને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતી હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

તેઓ બંનેનો પુરાવો સંયુકત રીતે વાંચતા અને તપાસતા એવુ ફલીત થાય છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી કરાવેલી.

(૮.૧૧) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૨૪ થી પંચ સાહેદફ ફતેલાલ હિરાલાલજી લબાના અને આંક –૨૬ થી પંચ સાહેદ ફતેલાલ હિરાલાલજી લબાના ને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં આંક–૨૫ થી રજુ ઇન્કવેસ્ટ પંચનામામાં તેઓ પોતાની

સહી ઓળખી બતાવે છે. તે સિવાય પંચનામાની કોઈપણ વિગત અંગે કંઈપણ હકીકત જણાવતા નથી.

સદરહુ પંચો પોતાની જુબાનીમાં સહી સિવાય પંચનામાની કે ગુનાની વિગત અંગે કંઈપણ બાબત જણાવતા નથી, તેથી આ કામે પંચો ફરી ગયેલ છે વધુમાં પંચોને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ વિ. એ.પી.પી.શ્રી દ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતી હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

તેઓ બંનેનો પુરાવો સંયુકત રીતે વાંચતા અને તપાસતા એવુ ફલીત થાય છે કે,પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી કરાવેલી.

**તપાસ કરનાર તથા ચાર્જશીટ કરનાર અમલદારની જુબાની :–**

(૮.૧૨) ફરીયાદપક્ષે ચાર્જશીટ કરનાર તથા તપાસ કરનાર અમલદાર ભરતસિંહ દરજણસિંહ રાઠોડને આંક–૩૯ થી તપાસવામા આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, ગઈ તારીખ:૧૭/૧૦/૨૦૨૩ના રોજ તેઓ વિજયનગર પોલીસ સ્ટેશન ખાતે પો.સ.ઈન્સ્પે. તરીકે તેઓની ફરજપર હાજર હતા તે દરમ્યાન પો.સ.ઈ.શ્રી વાય. એન. પટેલનાઓ પાસેથી વિજયનગર પો.સ્ટે.ફ.ગુ.રજી.નં.૦૪૮૭/૨૦૨૩ની તપાસ તેઓએ સંભાળેલી અને ત્યાર બાદ તેઓએ કેસ પેપર્સનો અભ્યાસ કરેલ. ત્યાર બાદ તેઓએ આ કામે ગુન્હામાં સંડોવાયેલ ડમ્પર (ટ્રક) નં.જી.જે.૦૯– એ.યુ. ૪૧૮૨નું કબ્જે લેવાનું હોઈ, પંચોને હાજર રાખી પંચોના લખાવ્યા મુજબનું વિગતવારનું પંચ નામું લખી લીધેલ અને મુદ્દામાલ તરીકે કબ્જે લીધેલ. ત્યાર બાદ આ કામે ગુન્હાવાળી જગ્યાનું એફ.એસ.એલ. અધિકારીશ્રી મારફતે પરિક્ષણ કરાવેલ. ત્યાર બાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબના લખી લીધેલ. આ ગુન્હાના કામે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જતાં તેઓએ અટક કરી નામ. સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ જામીન મુકત કરેલ. ત્યાર બાદ ગુન્હામાં સંડોવાયેલ વાહનોની આર.ટી.ઓ. અધિકારીશ્રી મારફતે યાંત્રીક તપાસ કરાવેલ.

આ કામે અકસ્માતમાં મરણજનારની પી.એમ. નોટ મેળવી તપાસના કામે સામેલ. આ કામે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ, નામ.કોર્ટમાં આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરેલ.

બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે ફરીયાદીની ફરીયાદમાં અકસ્માત કરનાર વાહન ચાલકનું નામ જણાવવામાં આવેલ નથી. બનાવવાળી જગ્યાએ જાહેર રસ્તો આવેલ છે અને ત્યા સતત વાહનોનો અવર જવર રહે છે. બનાવવાળી જગ્યાની આજુ બાજુમાં છુટા છવાયા રહેઠાણના મકાનો આવેલા છે. બનાવ સમયે અકસ્માત વાળી જગ્યા આજુ બાજુના તથા રાહદારી માણસો ઘણા ભેગા થઈ ગયેલ હતા.તેઓએ આ કામે અકસ્માત કરનાર વાહન ચાલકની કોઈ ઓળખ પરેડ કરાવેલ હોય તેવું બનેલ નથી.

(૮.૧૩)ફરીયાદપક્ષે તપાસ કરનાર અમલદાર યોગેશકુમાર નાગજીભાઇ પટેલને આંક–૪૭ થી તપાસવામા આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, ગઈ ૧૬/૧૦/૨૦૨૩ના રોજ ફરીયાદી: ભરતકુમાર નાથુલાલ લબાના,રહે.આડીવલ્લી, તા.નયાગાવ, જિ. ઉદેપુરવાળાઓએ તેઓની વિગતવારની ફરીયાદ વિજયનગર પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. અ.હે.કો. નુતાબેન અરવિંદભાઈ, બ.નં. ૩પરનાઓ રૂબરૂ આપતાં નોંધવામાં આવેલ અને ત્યાર બાદ સદરહું ગુન્હાની નોંધ વિજયનગર પો.સ્ટે. પાર્ટ–એ, ગુ.રજી.નં. ૦૪૮૭/૨૦૧૫, ઈ.પી.કો. કલમ : ૨૮૩, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ : ૧ ૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનો ગુન્હો રજીસ્ટરે કરી આગળની તપાસ તેઓની તરફ આવતાં તેઓએ સંભાળેલી ઈ જે તે વખતે તેઓ ચિઠોડા પોલીસ સ્ટેશને પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા અને આ ગુન્હાની તપાસ તેઓએ ઈન્ચાર્જ પો.સ.ઈન્સ્પે. વિજયનગર તરીકે સંભાળેલી અને કેસ પેપર્સનો અભ્યાસ કરેલ અને ત્યાર બાદ સૌ પ્રથમ ગુન્હાવાળી જગ્યાનુ પંચનામું પંચોના લખાવ્યા મુજબનું લખી લીધેલ અને ત્યાર બાદ ઈન્કવેસ્ટ લખાવ્યા પંચોના પંચનામું મુજબનું લખી લીધેલ.જે

પંચનામાંઓ તેઓને બતાવવામાં આવતાં, જેમાં રૂબરૂપણામાં તેઓની સહી છે, તે જ છે, જે ઓળખી બતાવેલ છે. ત્યાર બાદ તેઓએ આ ગુન્હાના કામે લાગતા વળગતાં સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબના લખી લીધેલા, ત્યાર બાદ આ ગુન્હાની તપાસ ચાલતી હતી તે દરમ્યાન વિજયનગર પોલીસ સ્ટેશનના પો.સ.ઈ.શ્રી બી.ડી. રાઠોડનાઓ હાજર થતા, આગળની તપાસ તેમણે તેઓને સુપ્રત કરેલી.

બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ જાહેર રસ્તો આવેલ છે. બનાવવાળી જગ્યાથી આશરે સો ફુટના અંતરે રહેણાંકના મકાનો આવેલા છે. પૂર્વ દિશા તર્ફે દામા મહેશભાઈ પનાજીનું મકાન પણ આવેલ છે. દામા મહેશભાઈ પનાજીનું મકાન જે આશરે બનાવવાળા સ્થળથી સિત્તેરેક ફુટ દૂર આવેલ છે અને આ મકાનની આજુ બાજુમાં અન્ય લોકોની વસ્તી આવેલ છે. <u>તપાસના કામે તેઓએ દામા મહેશ પનાજી કે બનાવાળી જગ્યાની આસ–પાસ રહેતાં અન્ય કોઈ વ્યક્તિઓના નિવેદનો લીધેલા નથી.</u> અકસ્માતમાં સંડોવાયેલ <u>વાહન (ટેમ્પો) રોડની સાઈડમાં ઉભો હતો. ટેમ્પો બગડેલી સ્થિતિમાં રોડની સાઈડમાં ઉભેલો હતો.</u> તપાસના કામે તેઓએ <u>ફરીયાદીના સગા સબંધીઓના નિવેદનો લીધેલા છે, તે સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.</u>

**<u>ઉપરોકત રજુ પુરાવાનું સંયુકત મુલ્યાંકન :–</u>**

(૯) ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિદ્ધાંત છે કે, આરોપી સામેનો ગુનો ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવો જોઈએ. ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં, સ્પષ્ટ છે કે, આરોપી સામે જ્યારે રોડ ઉપર સાઈડ લાઈટ સિગ્નલ ચાલુ રાખ્યા વગર તેમજ અન્ય કોઇ કોઈપણ આડાશ ઉભી કર્યા વગર અને અંધારામાં રિફલેકટર લગાવ્યા વગર બેદરકારીથી વાહન પાર્ક કરી અકસ્માત કરવાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે તે સાબીત કરવુ જોઈએ કે, બનાવ સમયે આરોપી જ વાહન ચાલક હતા અને વાહન ચાલક

આરોપીનું કૃત્ય એટલી બેફીકરાઈથી અને બેદરકારીભર્યુ અને મનુષ્યની જીંદગી જોખમાય તેવું હતુ કે તો જ આરોપીને અકસ્માત સંદર્ભે ફોજદારી જવાબદારી માટે દોષિત ઠરાવી શકાય ત્યારે નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના નીચેના ચુકાદાઓ ધ્યાને લેવા જરૂરી બની રહે છે. જેમા એવુ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, ફરીયાદપક્ષે પ્રથમ આરોપીની બેદરકારી અને ત્યારબાદ એવુ સાબિત કરવાનું રહે છે કે, આરોપીની બેદરકારી અને ઈજા પામનારની ઈજા વચ્ચે સીધો સંબંધ હતો. વધુમાં, જ્યાં સુધી ફરીયાદપક્ષ દ્વારા આ હકીકત સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી આરોપીનું કૃત્ય બેફામપણે અને બેદરકારીપુર્વકનું હતુ એવું અનુમાન થઈ શકે નહીં.

(૧૦) હવે, ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ તેમજ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવાની ચર્ચા કરવામાં આવે તો, ફરીયાદ પક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે, આ કામે ભરતકુમાર નાથુલાલ લબાનાની આંક-૧૦ વાળી જુબાની વંચાણે લેતાં અને તપાસતા તેઓએ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેઓ બનાવવાળા સ્થળે પહોંચેલા તે વખતે ત્યા લોકોનું ટોળુ ભેગુ થઈ ગયેલ હતુ અને તેઓ ત્યા જોવા ગયેલ ત્યારે તેઓને ખબર પડેલ કે, તેઓના મામાનો અકસ્માત થયેલ છે. બનાવ સમયે તેઓ બનાવવાળી જગ્યાએ હાજર ન હતા. ડમ્પરનો ડ્રાઈવર કોણ હતો અને કોની ભુલ હતી તે તેઓ કહી શકે નહીં.

ત્યારબાદ આંક-૧૫ થી પંચ સાહેદ શૈલેષકુમાર ગૌતમભાઇ પટેલને અને આંક-૧૭ થી પંચ સાહેદ સળુજી ભીમાજી ડામોરને તપાસવામા આવેલ છે. આ પંચ સાહેદો રીકવરી પંચનામાના પંચ સાહેદો છે. સદર પંચો પોતાની જુબાનીમાં સહી સિવાય પંચનામાની વિગત અંગે કંઈપણ બાબત જણાવતા નથી, તેઓ બંનેનો પુરાવો સંયુકત રીતે વાંચતા અને તપાસતા એવુ ફલીત થાય છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી કરાવેલી.જેથી આંક-૧૬ થી રજુ પંચનામુ સાબીત થતુ નથી.

ત્યારબાદ આંક–૨૪ થી પંચ સાહેદફ ફતેલાલ હિરાલાલજી લબાના અને આંક–૨૬ થી પંચ સાહેદ ફતેલાલ હિરાલાલજી લબાનાને તપાસવામા આવેલ છે. આ પંચ સાહેદો ઈન્કવેટ પંચનામાના પંચ સાહેદો છે. સદર પંચો પોતાની જુબાનીમાં સહી સિવાય પંચનામાની વિગત અંગે કંઈપણ બાબત જણાવતા નથી, તેઓ બંનેનો પુરાવો સંયુકત રીતે વાંચતા અને તપાસતા એવુ ફલીત થાય છે કે, <u>પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી કરાવેલી.</u>જેથી આંક–૨૫ થી રજુ પંચનામુ સાબીત થતુ નથી.

ફરીયાદપક્ષે સાહેદ સત્યનારાયણ ભાણચંદ લબાનાને આંક–૧૩ થી, રાજુ તેજપાલ લબાનાને આંક–૨૧ થી, સાહેદ નંદલાલ ભાણચંદજી લબાનાને આંક –૨૭ થી, સાહેદ જયક્રિષ્ણા ચંપાલાલજી લબાનાને આંક–૨૮ થી, સાહેદ વિશાલ બાબુલાલજી લબાનાને આંક–૨૯ થી, સાહેદ દિનેશકુમાર દાડમચંદજી લબાનાને આંક–૩૦ થી તથા સાહેદ રમણલાલજી કાલુરામજી લબાનાને આંક–૩૧થી તપાસવામા આવેલ છે. જેઓએ બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, <u>બનાવ સમયે તેઓ પોતાના ઘરે હતા. બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તે વાતની તેઓને ખબર નથી કે બનાવ કોની બેદરકારીથી બનેલો.</u> તથા આ કામે તપાસમાં આવેલ એક સાહેદ જિતેન્દ્રકુમાર સળુજી ડામોરને આંક –૩૨ની બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, <u>ડમ્પર બગડી ગયેલ હોઈ રોડની સાઈડમાં ઉભુ રાખેલ હતુ. સદરહુ ડમ્પરની બંન્ને પાર્કીંગ લાઈટો ચાલુ રાખેલ હતી. ડમ્પરની ફરતે લીલા ઝાડ ઝાંખર ડાળીઓ રાખેલ હતા. આગળ પાછળ આશરે દશેક ફુટના અંતરે ઝાડી ઝાંખર ડાળીઓ રાખેલ હતી. તેઓ ડમ્પરના આગળના ભાગે બેઠેલ હોઈ અકસ્માત કેવી રીતે બનેલો તે તેઓ ચોકકસ જણાવી શકે નહીં.</u>

આમ, સદર સાહેદોની ઉલટતપાસ વંચાણે લેતા એ હકીકત ફલીત થાય છે કે, બનાવ કેવી રીતે બનવા પામેલ તે તેમણે નજરે

જોયેલ ન હોય તથા હાલના કામના આરોપીની બેદરકારીના કારણે જ હાલનો કહેવાતો બનાવ બનેલ કે કેમ તે સાબિત થતુ નથી. જેથી હાલના કામના આરોપીની બેદરકારીના કારણે કહેવાતો બનાવ બનેલ હોય તેવી કોઇ હકીકત સાબિત થતી નથી.

ત્યારબાદ ફરીયાદપક્ષે ચાર્જશીટ કરનાર તથા તપાસ કરનાર અમલદાર ભરતસિંહ દરજણસિંહ રાઠોડને આંક-૩૯ થી તપાસવામા આવેલ છે. તેમણે ફરીયાદને સમર્થનકારક હકીકત જણાવેલ છે અને બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે ફરીયાદીની ફરીયાદમાં અકસ્માત કરનાર વાહન ચાલકનું નામ જણાવવામાં આવેલ નથી. બનાવવાળી જગ્યાએ જાહેર રસ્તો આવેલ છે અને ત્યા સતત વાહનોનો અવર જવર રહે છે. બનાવવાળી જગ્યાની આજુ બાજુમાં છુટા છવાયા રહેઠાણના મકાનો આવેલા છે. બનાવ સમયે અકસ્માત વાળી જગ્યા આજુ બાજુના તથા રાહદારી માણસો ઘણા ભેગા થઈ ગયેલ હતા.તેઓએ આ કામે અકસ્માત કરનાર વાહન ચાલકની કોઈ ઓળખ પરેડ કરાવેલ હોય તેવું બનેલ નથી.

ત્યારબાદ તપાસ કરનાર અમલદાર યોગેશકુમાર નાગજીભાઇ પટેલને આંક-૪૭ થી તપાસવામા આવેલ છે. તેમણે ફરીયાદને સમર્થનકારક હકીકત જણાવેલ છે અને બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ જાહેર રસ્તો આવેલ છે. બનાવવાળી જગ્યાથી આશરે સો ફુટના અંતરે રહેણાંકના મકાનો આવેલા છે. પૂર્વ દિશા તર્ફે દામા મહેશભાઈ પનાજીનું મકાન પણ આવેલ છે. દામા મહેશભાઈ પનાજીનું મકાન જે આશરે બનાવવાળા સ્થળથી સિત્તેરેક ફુટ દૂર આવેલ છે અને આ મકાનની આજુ બાજુમાં અન્ય લોકોની વસ્તી આવેલ છે. તપાસના કામે તેઓએ દામા મહેશ પનાજી કે બનાવાળી જગ્યાની આસ-પાસ રહેતાં અન્ય કોઈ વ્યક્તિઓના નિવેદનો લીધેલા નથી. અકસ્માતમાં સંડોવાયેલ વાહન (ટેમ્પો) રોડની સાઈડમાં ઉભો હતો. ટેમ્પો બગડેલી સ્થિતિમાં રોડની સાઈડમાં

<u>ઉભેલો હતો.</u> તપાસના કામે તેઓએ <u>ફરીયાદીના સગા સબંધીઓના નિવેદનો લીધેલા છે, તે સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.</u>

આમ, તમામ હકીકત ધ્યાને લેતાં, આ કામના આરોપીના કારણે જ કહેવાતો બનાવ બનેલ હોય તે નિ:શંકપણે પુરવાર થતુ નથી અને આ કામના આરોપીની બેદરકારીથી જ બનાવ બનેલ હોય તેવી કોઇ હકીકત સાબીત થતી નથી.

આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો જોતા, **P.Sasikumar Versus state Rep. By The Inspector Of Police** reported in <u>2024(0) AIJEL-SC 73743</u>

"<u>PARA-15.</u> In the facts of the present case, the identification of the accused before the court ought to have been corroborated by the previous TIP which has not been done. The emphasis of TIP in a given case is of vital importance as has been shown by this Court in recent two cases of Jayan v. State of Kerala (2021) 20 SCC 38 and Amrik Singh v. State of Punjab (2022) 9 SCC 402. In Jayan (supra), this Court disbelieved the dock identification of the accused therein by a witness and while doing so, this Court discussed the aspect of TIP in the following words:

It is well settled that TI parade is a part of investigation and it is not a substantive evidence. The question of holding TI parade arises when the accused is not known to the witness earlier. The identification by a witness of the accused in the Court who has for the first time seen the accused in the incident of offence is a weak piece of evidence especially when there is a large time gap between the date of the incident and the date of recording of his evidence. In such a case, TI parade may make the identification of the accused by the witness before the Court trustworthy. (Para 18)"

સદર કામે રેકર્ડ પરનો પુરાવો જોતા આરોપીની ઓળખ પરેડ મામલતદાર સમક્ષ કરાવેલ નથી તથા ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાનમા લેતા હાલના કામના આરોપી દ્વારા જ કહેવાતો બનાવ બનેલ તે નિ:શંકપણે પુરવાર થતુ નથી.

(૧૧) આમ, આ કામે ફરીયાદી તથા સાહેદો સરતપાસમા ફરીયાદને સમર્થન કારક જુબાની આપે છે પરંતુ ઉલટ તપાસ જોતા આરોપીએ જ રોડ ઉપર સાઇડ લાઇટ સિગ્નલ ચાલુ રાખ્યા વગર તેમજ અન્ય કોઈ કોઈપણ આડાશ ઉભી કર્યા વગર અને અંધારામાં રિફલેકટર લગાવ્યા વગર બેદરકારીથી વાહન પાર્ક કરી અકસ્માત કરેલ હોય તે અંગે કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. ફરીયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ તથા ૧૦૨ મુજબ તેઓનો કેસ પુરવાર કરવાનો રહે છે. પરંતુ, આ કામે જ્યાં સુધી બનાવ સમયે હાલના આરોપી સદરહું વાહનના ચાલક હતા કે કેમ તે ફરીયાદીની તથા પંચની જુબાની તેમજ સ્વતંત્ર સાહેદની જુબાની દ્વારા સાબીત થતુ ના હોય અને ફરીયાદપક્ષ દ્વારા બનાવ સમયે આરોપી અકસ્માતવાળા વાહનના ચાલક હતા કે કેમ તે સાબીત થયેલ ના હોય અને કાયદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો મુજબ આરોપી બેદરકાર હતા કે કેમ, તેવુ સક્ષમ પુરાવાઓથી શંકાથી પર સાબિત કરેલ ન હોય આરોપી બનાવ સમયે બેદરકાર હતા તેવુ કહી શકાય નહી. તે તમામ સંજોગોમાં, આ કામે રજુ સમગ્ર પુરાવો લક્ષમા લેતા, ઉપરોક્ત કાયદાકીય કલમો મુજબના આવશ્યક તત્ત્વો સંતોષાતા ન હોય તેમજ તે મુજબનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય, આથી આ કામે ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ ફરમાવામા આવેલ તહોમત મુજબનો આક્ષેપ સાબિત કરવામા નિષ્ફળ ગયેલ હોય **મુદા નં.૦૧** નો જવાબ "**નકારમાં**" આપી **મુદા નં.૦૨** અન્વયે નીચે મુજબનો "**આખરી હુકમ**" કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) આ કામના આરોપી **કૃષ્ણકાંત દેવીલાલ પટેલ,** ઉ.વ.આ. ૨૪, રહે-પાલ, તા.વિજયનગર, જિ.સાબરકાંઠાવાળાઓને

ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩, ૩૦૪ (અ) તથા એમ. વી. એકટ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના તહોમતમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબના છ માસ માટેના અપીલ અદાલત સમક્ષ અપીલ થયેથી હાજર થવા માટેના રૂપીયા ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા વિકલ્પે જામીન તરીકે ચાલુ રહેવા અંગેની પુરસીસ રજુ કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૩) સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અન્વયે જો કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવા અને જો હુકમ કરવામાં આવેલ ન હોય તો મૂળ માલિકની ખરાઇ કરી મૂળ માલિકને પરત કરવા હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૨, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૨/૦૬/૨૦૨૬
મુ. વિજયનગર

**(ભાવેશ ચંદુલાલ વાજા)**
જયુડી.મેજી. ફ.ક., વિજયનગર
(જજ કોડ નં.જીજે૦૧૭૪૧)

//A.A.P.//